# ડિગ્રી એન્જિ.માં ૩૯૮ બેઠકોનો ઉમેરો થશે

## એક કોલેજને ૩૦૦ બેઠક સાથેની મંજૂરી

## ટ્યૂશન ફી વેઇવરમાં ત્રણ કોલેજ જોડાતાં ૯૮ બેઠક વધી

**ભાસ્કર ન્યૂઝ. અમદાવાદ**

ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ઓફ ટેક્નિકલ એજ્યુકેશન દ્વારા બારડોલીના ઈસરોલીમાં એન્જિનિયરિંગ કોલેજને ૩૦૦ બેઠક સાથેની મંજૂરી આપી છે. ઉપરાંત રાજ્યની ડિગ્રી એન્જિનિયરિંગ કોલેજો પૈકીની વધુ ત્રણ જેટલી કોલેજો ટ્યૂશન ફી વેઈવર સ્કીમમાં જોડાવવાનો નિર્ણય કર્યો છે .જેના પગલે એન્જિનિયરિંગની બેઠકોની સંખ્યામાં ૯૮નો વધારો થયો છે. એન્જિનિયરિંગ અભ્યાસક્રમમાં ૩૯૮ બેઠકનો વધારો થયો છે.

રાજ્યમાં અનેક સંસ્થાઓએ નવી એન્જિનિયરિંગ કોલેજો શરૂ કરવા માટેની મંજૂરી એઆઈસીટીઈ સમક્ષ માગી હતી. જેને તબક્કાવાર મંજૂરી મળતા આ કોલેજોને એડમિશન કમિટી દ્વારા પ્રવેશકાર્યવાહીમાં સમાવવામાં આવે છે. તાજેતરમાં એઆઈસીટીઈ દ્વારા રાજ્યની ૯ જેટલી ડિગ્રી એન્જિનિયરિંગ કોલેજોને મંજૂરી મળ્યા બાદ રવિવારે વધુ એક એન્જિનિયરિંગ કોલેજને મંજૂરી મળી છે.

બારડોલી તાલુકાના ઈસરોલી ખાતે ફેકલ્ટી ઓફ એન્જિનિયરિંગ, ટેક્નોલોજી એન્ડ રિસર્ચને ૩૦૦ બેઠક સાથેની મંજૂરી અપાઇ છે. જેમાં કેમિકલ એન્જિનિયરિંગની ૬૦, સિવિલ એન્જિનિયરિંગની ૬૦, કોમ્પ્યૂટર એન્જિનિયરિંગની ૬૦, ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગની ૬૦ તથા મિકેનિકલ એન્જિનિયરિંગની ૬૦ બેઠકનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત રાજ્યની વધુ ત્રણ ડિગ્રી એન્જિનિયરિંગ કોલેજો ટ્યૂશન ફી વેઈવર સ્કીમમાં જોડાવવા માટે સંમત થઇ છે. ટ્યૂશન ફી વેઈવર સ્કીમમાં જોડાનાર સંસ્થા જેટલા ગરીબ વિદ્યાર્થીઓને ફ્રીમાં ભણાવવામાં આવે છે તેટલી બેઠકો એ કોલેજને વધારી આપવામાં આવતી હોય છે. જેથી આ ત્રણ કોલેજો ટ્યૂશન ફી વેઈવર સ્કીમમાં જોડાતા રાજ્યમા ડિગ્રી એન્જિનિયરિંગની ૯૮ જેટલી બેઠક વધી છે. આમ ડિગ્રી એન્જિનિયરિંગમાં ૩૯૮ બેઠકનો વધારો થયો છે.